# ભાવનગર મહાનગરપાલિકા
## એસ્ટેટ વિભાગ
## રી-ટેન્ડર નોટીસ

ભાવનગર મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ હસ્તકના શ્રી ઝવેરચંદ મેઘાણી ઓડીટોરિયમ સંકુલની અંદર પેન્ટ્રી પાસે ૦૩ વર્ષ માટે લાઈસન્સ ફી વસુલીને કેન્ટીન ચલાવવા માટેના કામમાં રસ ધરાવતા આસામીઓ પાસે થી આ કામ અંગે ઓફલાઈન ભાવો મંગાવવામાં આવે છે. આ કામ માટે **www.bmcgujarat.com** વેબ સાઈટ પરથી તા.૦૫/૦૯/૨૦૨૪ થી તા.૨૦/૦૯/૨૦૨૪ સુધીમાં ટેન્ડર ડાઉનલોડ કરી મેળવી શકાશે. ડાઉનલોડ કરી ભરેલ ટેન્ડર કોપી રજી.એડી/સ્પીડપોસ્ટ થી તા.૨૫/૦૯/૨૦૨૪,૧૮:૦૦ કલાક સુધીમાં એસ્ટેટ વિભાગ, ભાવનગર મહાનગરપાલિકા ખાતે પહોંચતા કરવાના રહશે

એસ્ટેટ ઓફિસર
એસ્ટેટ વિભાગ
ભાવનગર મહાનગરપાલિકા

# ભાવનગર મહાનગરપાલિકા
## એસ્ટેટ વિભાગ

YEARS OF CELEBRATING THE MAHATMA

## -:: ટેન્ડરની શરતો ::-

**કામનું નામ:-** ભાવનગર મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ હસ્તકના શ્રીઝવેરચંદ મેઘાણી ઓડીટોરિયમ સંકુલ ની અંદર પેન્ટ્રી પાસે ૦૩ વર્ષ માટે લાઇસન્સ ફી વસુલીને કેન્ટીન ચલાવવા માટેનું કામ.

(૧) ટેન્ડર ફોર્મ ફી રૂ.૬૦૦ /- નો ડીમાન્ડ ડ્રાફ્ટ ભાવનગર મહાનગરપાલીકાના નામનો અન્ય આધારો સાથે પ્રત્યક્ષ રજુ કરવાનો રહેશે.

(૨) ટેન્ડર ઈ.એમ.ડી. રૂ.૧૦,૦૦૦/- નો ભાવનગર મહાનગરપાલિકાના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ પ્રત્યક્ષ રજુ કરવાનો રહેશે.

(૩)ટેન્ડરે રજુ કરવાના થતાં આધારો પ્રત્યક્ષ સીલબંધ કવરમાં તા.૨૫/૦૯/૨૦૨૪ સુધીમાં રજિસ્ટર એ.ડી. થી એસ્ટેટ વિભાગ ભાવનગર મહાનગરપાલિકાને પહોંચતા કરવાના રહેશે. મુદત બાદ આવેલ સીલબંધ કવર ધ્યાનમાં લેવામાં આવશે નહી. અપુરતા ડોક્યુમેન્ટવાળુ ટેન્ડર માન્ય રહેશે નહી. સીલબંધ કવર પર "શ્રી ઝવેરચંદ મેઘાણીઓડીટોરિયમ સંકુલની અંદર પેન્ટ્રી પાસે ૦૩ વર્ષ માટે લાઇસન્સ ફી વસુલીને કેન્ટીન ચલાવવા માટેના કામનું ટેન્ડર" તેમ સ્પષ્ટ લખવાનું રહેશે.

(૪) આ ટેન્ડર સરકારશ્રીનું E1 કે તેથી ઉપર ના વર્ગનું રજીસ્ટ્રેશન ધરાવનાર સંસ્થા અથવા ભાગીદારી પેઢી અથવા ખાનગી પેઢી અથવા સરકાર માન્ય (રજીસ્ટર્ડ) NGO અથવા સરકાર માન્ય (રજીસ્ટર્ડ) ટ્રસ્ટ અથવા કોઈપણ વ્યક્તિ ભરી શકશે. ઉપરોક્ત સૂચવેલ સંસ્થા/વ્યક્તિ પાસે PAN કાર્ડ, EPF નંબરનું તથા GST નંબરનું રજીસ્ટ્રેશન હોવું જોઈએ. ટેન્ડરરે ભાવનગર મહાનગરપાલિકામાં વ્યવસાય વેરા માટેનું રજીસ્ટ્રેશન ટેન્ડર મંજુર થાય તો કરાવવાનું રહેશે. ટેન્ડર ભરનાર સંસ્થા ઈચ્છશે તો સ્થળની રૂબરૂ મુલાકાત કરી શકશે.

(૫) ભાવનગર મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા મંજુરી આપેલ હોય તેવા કાર્યક્રમો દરમ્યાન જ ઈજારેદારના માણસો દ્વારા કામગીરી કરવાની રહેશે. પરિસરમાં કોઈ પણ ઈજારેદારના સભ્ય/કર્મચારી દ્વારા કોઈ પણ પ્રકારના ધુમ્રપાન/કેફી પદાર્થો/નશાકારક વસ્તુઓ વગેરે લઈ જવાની તથા તેનું સેવન કરવાની અને બહારથી સેવન કરી અંદર પ્રવેશ કરવાની સખ્ત મનાઈ છે.

(૬) ટેન્ડર ભરનાર સંસ્થા/વ્યક્તિએ આપેલ ભાવપત્રકમાં જ ભાવ ભરવાના રહેશે. ભરવામાં આવેલ ભાવોમાં કોઈ પણ પ્રકારનો ટેક્ષ/GST લગાડ્યા વગર જ ભાવો ભરવાના રહેશે. GST માટે સરકારશ્રી દ્વારા વખતો વખત નક્કી કરવામાં આવતા તમામ નિયમો/દરોનું ઈજારેદારે પાલન કરવાનું રહેશે. GST કે અન્ય કોઈપણ સરકારી વેરા તથા મિલકતવેરો માટે ઉપસ્થિત થનાર તમામ જવાબદારી ઈજારેદારના શિરે રહેશે. ઈજારેદારને આપવામાં આવનાર કેન્ટીન નો નિયમ મુજબનો મિલકત વેરો ઈજારેદારે પ્રતિ નાણાકીય વર્ષ એડવાન્સમાં મહાનગરપાલિકાને ભરપાઈ કરવાનો રહેશે.

(૭) કેન્ટીનની બહારની ઓપન સ્પેસનો ઉપયોગ ઈજારેદાર ટેબલ, ખુરશી વગેરે મૂકી મુલાકાતીઓને બેસવા માટે વ્યવસ્થા કરી શકશે નહિ. આ ઓપન સ્પેસ બાબતની કોઈ પણ તકરારમાં કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાનો નિર્ણય આખરી રહેશે.

(૮) કેન્ટીનની સમગ્ર જગ્યાની નિયમિત રીતે સફાઈ કરવાની રહેશે. તથા તેમાં કોઈપણ પ્રકારની નુકશાની/ચોરી/તોડફોડ થશે તો તેની જવાબદારી ઈજારેદારની રહેશે. સફાઈ માટે જરૂરી એસીડ, સાવરણી, સાવરણા કે અન્ય તમામ જરૂરી વસ્તુઓની વ્યવસ્થા ઈજારેદારે જાતે જ કરવાની રહેશે. તથા ડસ્ટબિન ફરજીયાત રાખવાના રહેશે તેમજ જરૂરી સી.સી.ટી.વી કેમેરા ઈજારદારે સ્વ-ખર્ચે મુકવાના રહેશે.

(૯) કેન્ટીન ની જગ્યામાં ઈજારેદાર દ્વારા કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાની મંજુરી વગર કોઈપણ પ્રકારના ટેમ્પરરી કે પરમેનેન્ટ શેડ/સ્ટ્રક્ચર/બાંધકામ ઉભા કરી શકાશે નહિ. કેન્ટીન ની જગ્યામાં ઈજારેદારે સ્વ-ખર્ચે વીજ કનેક્શન મેળવવાનું રહેશે અને પ્રતિમાસ તેના બીલની રકમ ભરપાઈ કરવાની રહેશે.

(૧૦) સફળ ઈજારેદારે એગ્રીમેન્ટ માટે જરૂરી સ્ટેમ્પ પેપર પોતાના ખર્ચે લાવી રજુ કરવાના રહેશે.

(૧૧) ઈજારેદારે કામ પર રાખેલ માણસો માટે જરૂરી હાજરી રજીસ્ટર,પગાર રજીસ્ટર,બોનસ રજીસ્ટર વગેરે જરૂરી હોય તેવા તમામ રજીસ્ટરોની નિભાવણી કરવાની રહેશે.

(૧૨) કોઇ ટેન્ડર મંજૂર કરવું કે નહિ તેનો સંપુર્ણ અબાધિત હક્ક કમિશ્નરશ્રી,ભાવનગર મહાનગરપાલિકાનો રહેશે.

(૧૩)ઈજારેદાર દ્વારા સદરહું કામગીરી માટે રાખવામાં આવેલ બેલદાર/કર્મચારી વગેરેને નિયમિત રીતે અને માન.સરકારશ્રીના લઘુત્તમ વેતનના કાયદાનુસાર (સમયાંતરે આવતા સુધારા વધારા વગેરેને ધ્યાને રાખી) મળવાપાત્ર પગાર,ભથ્થા, EPF, ESIC, બોનસ તથા અન્ય લાભો ચૂકવવાના રહેશે. જેની તમામ જવાબદારી ઈજારેદારની રહેશે. ભાવનગર મહાનગરપાલિકાની આ બાબતે કોઈ જવાબદારી રહેશે નહિ.

(૧૪)ઈજારેદારનું ટેન્ડર મંજુર થયે કરાર કરતા સમયે નક્કી થયેલ વાર્ષિક લાયસન્સ ફી ની રકમના ૫% લેખે સિક્યુરિટી ડીપોઝીટ ભરવાની રહેશે. SD માટે રાષ્ટ્રીયકૃત બેંક્નો જ FDR અથવા DD રજુ કરવાનો રહેશે અથવા ભાવનગર મહાનગરપાલિકા માં રોકડ રકમ ભરી તેની અસલ પહોંચ રજુ કરવાની રહેશે. FDR તથા DDકમિશ્નરશ્રી, ભાવનગરમહાનગરપાલિકાના નામનો આપવાનો રહેશે. સીકયોરીટી ડીપોઝીટનું તથા અર્નેસ્ટમની ડીપોઝીટનું વ્યાજ ચુકવવામાં આવશે નહી. આ સીકયોરીટી ડીપોઝીટ કોન્ટ્રાકટરની અવધી (સમય) પુર્ણ થયા બાદ જો કોઇ લેણું મ્યુની. એ વસુલ કરવાનું રહેશે તો તે વસુલીને પરત કરવામાં આવશે.

(૧૫) ઈજારેદાર દ્વારા કામ પર રાખવામાં આવેલ કોઈ પણ વ્યક્તિ ૧૮ વર્ષથી ઓછી ઉમરનીના હોવી જોઈએ. તેમજ વધુમાં વધુ ત્રણ-વ્યક્તિ રાખી શકાશે. એનાથી વધારે સ્ટાફ રાખવાનો રહેશે નહિ.

(૧૬)વર્કમેન કોમ્પેન્શેસન એક્ટ હેઠળ ઉભી થતી તમામ જવાબદારી તથા કર્મચારીઓના જરૂરી વિમા સબંધિત તમામ જવાબદારી ઈજારદારની રહેશે.

(૧૭)ભાવનગર મહાનગરપાલિકા દ્વારા સદર ઈજારેદારના કોઈપણ બેલદાર/કર્મચારી કે અન્ય કોઈ પણ વ્યક્તિને ઓળખપત્ર આપવામાં આવશે નહિ કે તેઓની હાજરી પુરવામાં આવશે નહિ.

(૧૮)ઈજારેદાર દ્વારા કામ પર રાખવામાં આવેલ તમામ કર્મચારીઓએ ભાવનગર મહાનગરપાલિકાના સ્ટાફ અને કાર્યક્રમોમાં આવનાર પ્રેક્ષકો સાથે માનપૂર્વક અને સંયમ/અનુશાસન રાખી વર્તન કરવાનું રહેશે.

(૧૯)આ ઈજારાની મુદત સક્ષમ સત્તાની મંજુરી મળ્યા તારીખથી ૩ વર્ષની રહેશે. ૩ વર્ષ બાદ ભાવનગર મહાનગરપાલિકાને ઈજારેદારની કામગીરી સંતોષકારક જણાશે તો અને તો જ તેઓના કરારનો સમયગાળો મહાનગરપાલિકાની ઈચ્છા મુજબના સમય સુધી લંબાવી શકાશે. અન્યથા મહાનગરપાલિકાનું કોઈ લેણું વસુલ લેવાનું હશે તો તે વસુલ લઇ ડીપોઝીટની રકમ ઈજારેદારને પરત આપવામાં આવશે.

(૨૦) કરારના સમયગાળા દરમિયાન ઈજારેદરની કામગીરી અસંતોષકારક/અયોગ્ય જણાશે તો મહાનગરપાલિકા કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય સદરહું ઈજારો રદ કરી શકશે.

(૨૧) ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ૧૫ફૂટ X ૧૦ફૂટની કાર્પેટ એરિયા ધરાવતું સ્ટ્રક્ચર ઉભું કરી આપવામાં આવશે. સંચાલન માટે જરૂરી અન્ય તમામ સાધનો, ફર્નીચર, ઈલેક્ટ્રિક ઉપકરણો વગેરે ઈજારેદારે સ્વ-ખર્ચે લાવવાના રહેશે.કરારનો સમયગાળો પૂર્ણ થયે ઈજારેદારે મહાનગરપાલિકાને કરાર કરતા સમયે જે સ્થિતિમાં કેન્ટીન આપવામાં આવ્યું હોય તે જ સ્થિતિમાં પરત કરવાનું રહેશે.

(૨૨)કોઈપણ કારણો આપ્યા વગર કોઈપણ અથવા બધા કરાર સ્વીકારવા અથવા નકારવાનો અધિકાર કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા પાસે અબાધિત રહેશે.

(૨૩)ઈજારેદારે હંમેશા મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવેલી કાયદાકીય સૂચનાનું પાલન કરવાનું રહેશે. અન્ય કોઈપણ વિપરિત પરિસ્થિતિ/સમય/સંજોગ/અણસમજ/અસ્પષ્ટતા/વાદ-વિવાદ/તકરાર દરમિયાન ટેન્ડરની શરતો લાગુ પડી શકતી ન હોય તેવા સમયમાં કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાનો નિર્ણય આખરી ગણાશે.

(૨૪)કરારના સમયગાળા દરમિયાન દરમ્યાન ઈજારેદારના માણસો દ્વારા અથવા અન્ય કોઈ પણ રીતે કેન્ટીન પરિસરમાં કોઈપણ પ્રકારનું નુકશાન થશે તો ઈજારેદારે તે નુકશાનની રકમ ભરપાઈ કરી આપવાની રહેશે.

(૨૫)કેન્ટીન માં કામગીરી દરમ્યાન કોઈ ગંભીર પ્રસંગ/અકસ્માત બને તો તેની સંપૂર્ણ જવાબદારી ઈજારેદારની રહેશે. કોઈ પણ પ્રકારની કાનૂની કાર્યવાહી કરવાની થાય તો તે માટે ઈજારેદાર દ્વારા જ નજીકના લાગુ પડતા પોલીસ સ્ટેશનમાં તે અંગેની અરજી/એફ.આઈ.આર./ફરિયાદ વગેરે કરવાની રહેશે અને પોલીસ તંત્રને તપાસમાં મદદ કરવાની રહેશે. અને તે અંગે કોઈ કોર્ટ કચેરીની કે અન્ય કોઈ પણ કાર્યવાહી કરવાની થાય તો પણ તે ઈજારેદારે સ્વ-ખર્ચે જ કરવાની રહેશે.

(૨૬) લેબર કોર્ટ,ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ વિગેરે કોઈપણ નામદાર અદાલતનો બેલદાર/મજુર/કર્મચારી બાબતે જે કોઈ હુકમનામું કે નાણાંકીય ખર્ચ તેમજ તે આધારે કોઈ વળતર કે આર્થિક નોકરી વિષયક બાબતનું ચુકવણું કરવાનું હુકમનામું આવશે તો તે તમામ ઈજારેદારે ચૂકવવાના રહેશે.

(૨૭) માન.સરકારશ્રીના વિવિધ કાયદાઓ જેવા કે લેબર લો,મીનીમમ વેજીસ એક્ટ,પેમેન્ટ ઓફ બોનસ એક્ટ,પ્રો.ફંડ એક્ટ,એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ એક્ટ તથા કરાર સંબધિત કામગીરીને લગતા અને ઈજારદારને સંબધિત હોય તેવા તમામ કાયદાઓનું પાલન કરવાની જવાબદારી ઈજારેદારની રહેશે તથા આ સંદર્ભે પ્રવર્તમાન કાયદાઓ તથા કરારના સમયગાળા દરમ્યાન અમલમાં આવનાર અન્ય તમામ કાયદાઓનું પાલન ઈજારેદારે કરવાનું રહેશે.

(૨૮) આ ઈજારાના કરારની તમામ શરતો અંગે ઈજારેદારે સદર કામગીરી પેટે રાખેલ બેલદાર/કર્મચારી વિગેરે તમામને માહિતગાર કરવાના રહેશે.

(૨૯) કરારના સમયગાળા દરમિયાન જો મહાનગરપાલિકાને સંસ્થાનું કામ બરાબર નહિ જણાય તો કોઈ પણ પ્રકારની નોટીસ કે સુચના આપ્યા વગર કરારનો અંત લાવી શકાશે. અને ભરેલ ડીપોઝીટ જપ્ત કરી શકાશે. જે માટે નો સંપૂર્ણ હક્ક કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકનો આખરી રહેશે. કોઈ પણ કિસ્સામાં સંસ્થા કરાર પૂર્ણ થયાના સમયગાળા પહેલા કામ છોડવા માગશે તો તેની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. ઈજારેદાર કરારના સમયગાળા પૂર્વે જો કામ છોડવા માંગતા હોય તો તેમને કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાને ૬ માસ અગાવ લેખિતમાં જાણ કરવાની રહેશે અને કમિશ્નરશ્રીની જ્યાં સુધી લેખિત મંજુરી ના મળે ત્યાં સુધી કોઈ પણ સંજોગોમાં કરાર છોડી શકાશે નહિ અન્યથા ઈજારેદારની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૩૦) આ કામગીરી પેટે કરવામાં આવેલ કરાર તથા આપવામાં આવેલ વર્ક ઓર્ડર મુજબની કામગીરી માટે જે કોઈ બેલદાર/કર્મચારી ઈજારેદાર દ્વારા કામે રાખવામાં આવશે તેઓની તમામ જવાબદારી ઈજારેદારની રહેશે, ફરજના સમય દરમ્યાન ઈજારેદારના માણસો સાથે કોઈપણ પ્રકારનો અકસ્માત થાય કે તેમની જાનહાની/અવસાનથાય તો તે માટે મહાનગરપાલિકાની કોઈપણ રીતે જવાબદાર ગણાશે નહિ. આ બાબતના વળતર ચુકવણા અંગેની જવાબદારી પણ ઈજારેદારની જ રહેશે. મહાનગરપાલિકા કોઈપણ સંજોગોમાં તેના માટે જવાબદાર રહેશે નહિ.

(૩૧) આ ઈજારા સંદર્ભે કોઈ પણ કામગીરીની જરૂરિયાત ઉપસ્થિત થવાના સંજોગોમાં ઈજારાના સમયગાળા દરમ્યાન પણ કોઈપણ પ્રકારની નવીન શરત ઉમેરવા કે કમી કરવાના અધિકાર કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાના અબાધિત રહેશે. તથા ટેન્ડરની શરતો અને કરારનામાની શરતોમાં સુધારો-વધારો કરવા કમિશ્નરશ્રી, ભાવનગર
+-મહાનગરપાલિકા અબાધિત હક્ક ધરાવે છે અને તે ટેન્ડર ભરનારને બંધનકર્તા રહેશે.

(૩૨) આ ઈજારા સંદર્ભે જરૂરી કરાર મહાનગરપાલિકા જાણ કરે ત્યારબાદ દિન-૧૫ માં તાત્કાલિક ઈજારદારે મહાનગરપાલિકા સાથે કરવાના રહેશે. કોઈ પણ વ્યાજબી કારણો સિવાય સમયમર્યાદામાં કરાર નહિ કરવામાં આવે તો ટેન્ડર સાથે ભરેલ ડીપોઝીટ/ઈ.એમ.ડી.ની રકમ જપ્ત કરી ઈજારેદારને બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે.

(૩૩) આ ઈજારા સંદર્ભે ઉભી થતી કોઈપણ પ્રકારની ફરિયાદ બાબતે કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાનો નિર્ણય અંતિમ ગણાશે અને તે ઈજારદારને બંધનકર્તા રહેશે.

(૩૪) આ ઈજારા સંદર્ભે ઉભી થતી કોઈપણ પ્રકારની કાયદાકીય બાબત માટે ન્યાયક્ષેત્ર ભાવનગર રહેશે.

(૩૫) ટેન્ડરના દરેક પાના પર ઈજારદારે સહી અને સિક્કો કરવાનો રહેશે.

(૩૬) ભાવનગર મહાનગરપાલિકા ઈચ્છશે તો આ ભાવોને સમયમર્યાદા કરતા વધુ સમય માટે રીન્યુ કરી શકશે. કોઈ પણ કુદરતી આપત્તિ જેવી કે પુર, ભૂકંપ, અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ તથા રોગચાળાનો ફેલાવો/મહામારી કે અન્ય કોઈપણ માનવ-કાબુ બહારની પરિસ્થિતિ દરમિયાન વાર્ષિક લાયસન્સ ફી ની રકમમાં વધારો-ઘટાડો કરવા માટે કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાનો નિર્ણય આખરી રહેશે અને તે ઈજારેદારને બંધનકર્તા રહેશે.

(૩૭) ટેન્ડર રૂબરૂ કે આંગડીયા દ્રારા સ્વીકારવામાં આવશે નહી. રજી.એડી. અથવા સ્પીડ પોસ્ટથી જ નિયત સમયમાં પહોંચતા કરવાના રહેશે. નિયત સમય બાદ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી. ટેન્ડર ફી કોઈ પણ સંજોગોમાં પરત મળવા પાત્ર નથી.

(૩૮) વર્કઓર્ડર મળ્યેથી દિન-૩૦ માં કામ શરુ કરવાનું રહેશે. દિન-૩૦માં કામ શરુ નહિ કરવામાં આવે તો ટેન્ડર સાથે ભરેલ ઈ.એમ.ડી. તથા ડીપોઝીટની રકમ જપ્ત કરી ઈજારેદારને બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે.

(૩૯) ઈજારેદાર આપવામાં આવેલ કેન્ટીન માં માત્રને માત્ર શાકાહારી ખાધ વસ્તુઓનું જ વેચાણ કરવાનું રહેશે (ટેન્ડરમાં સામેલ પરિશિષ્ઠ-૧ ફરજીયાત ધ્યાને લેવું). કોઈ પણ પ્રકારના સિગારેટ/બીડી/તમાકુ/ પાન/ગુટખા/પડીકીઓ /નશાકારક વસ્તુઓ વગેરેનું વેચાણ કરી શકાશે નહિ. રોજબરોજ ઉત્પન્ન થતો કચરો ટેમ્પલબેલના વાહનમાં જાતે જ નાખવાનો રહેશે. અને કેન્ટીન ની સફાઈ કરવાની રહેશે. ઈજારેદારે નિયમ મુજબનું સરકારશ્રીનું અને/અથવા મહાનગરપાલિકાનું સંબંધિત વિભાગનું ફૂડ લાયસન્સ સ્વ-ખર્ચે લેવાનું રહેશે.

(૪૦) ટેન્ડરર દ્વારા ભાવપત્રકમાં કેન્ટીનની સૂચવ્યા મુજબની માસિક બેઝીક(અપસેટ-પ્રાઈસ) <u>રૂ. ૨૫,૦૦૦/-</u> કરતા વધારે જ ભાવ ભરવાના રહેશે. અપસેટ કિંમત કરતા ઓછા ભાવ ભરનારનું ટેન્ડર માન્ય રાખવામાં નહિ આવે.

(૪૧) મંજુર રહેલ માસિક લાઈસન્સ ફી મુજબની ત્રણ ગણી રકમ દર ત્રણ મહીને (ત્રી-માસિક) ઈજારદારે એડવાન્સમાં ભરવાની રહશે. સિક્યુરીટી ડીપોઝીટ અર્થે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની ફિક્સ ડીપોઝીટ કે બેંક ગેરેન્ટી ભાવનગર મહાનગરપાલિકા દ્વારા અસ્વીકૃત ગણવામાં આવશે.

(૪૨) કેન્ટીન માંથી કોઈપણ પ્રકારના ખાધ્ય પદાર્થ/પીણા વગેરે ઓડીટોરીયમ હોલ, મીની હોલ કે આર્ટગેલેરી સંકુલમાં પ્રેક્ષકો લઈનાં જાય તેનું ખાસ ધ્યાન ઈજારદારે રાખવું જરૂરી છે તથા તે બાબતે પાલન કરાવવું ફરજીયાત રહેશે. તથા તે બાબતે પાલન કરાવવા માટે સૂચનાનું બોર્ડ કેન્ટીન પર લગાડવાનું રહેશે.

(૪૩) કેન્ટીનનો સમય સવારે ૮.૦૦ કલાક થી રાત્રીના ૧.૦૦ કલાક સુધીનો રહેશે.

(૪૪) ટેન્ડર ખોલવાની તારીખમાં ફેરફાર કરવાનો નિર્ણય કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાનો આખરી રહેશે. આ અંગેની વિગતવાર જાહેર નિવિદા કોન્ટ્રાકટરોની જાણ માટે ભાવનગર મહાનગરપાલિકાના ઓફીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે. તથા ટેન્ડર અને વિજ્ઞાપન ફરજીયાત **<u>www.bmcgujarat.com</u>** પરથી જ ડાઉનલોડ કરવાનું રહેશે.

(૪૫)ઈજારદારે ખાદ્યપદાર્થની MRPથી વધારે કિમંત લઈ શકશે નહિ. MRP સિવાયની વસ્તુના ભાવ મહાનગરપાલિકા પાસે એપ્રુવ્ડ કરાવવાના રહેશે. જો વધારે ભાવ લેવામાં આવશે તો,મહાનગરપાલિકા દ્વારા <u>રૂ.૫૦૦૦/-</u> પેનલ્ટી વસુલવામાં આવશે. ત્રણ(૩) વારથી વધુ આમ બનશે તો કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવશે.

(૪૬)ઈજારદારે પોતાનો સ્ટોરેજ કમ સ્ટોક કેન્ટીનની અંદરની જગ્યામાં જ રાખવાનો રહશે. તથા કોઈપણ કંપનીની જાહેરાત કેન્ટીન ઉપર કરી શકાશે નહિ.

(૪૭) મંજુર રહેલ માસિક લાઈસન્સ ફી મુજબની ત્રણ ગણી રકમ દર ત્રણ મહીને (ત્રી-માસિક) ઈજારદારે એડવાન્સમાં ભરવાની રહશે.

- પત્ર વ્યવહારનું સરનામું : એસ્ટેટ ઓફિસર, એસ્ટેટ વિભાગ,ભાવનગર મહાનગરપાલિકા, મંગળસિહજી રોડ ભાવનગર-૩૬૪૦૦૧.
- અગત્યની તારીખો: ૧. ટેન્ડર મહાનગરપાલિકાની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરવાની તા.૦૫/૦૯/૨૦૨૪ થી ૨૦/૦૯/૨૦૨૪. ૨. ભરેલ ટેન્ડરનું સીલબંધ કવર અત્રેની કચેરીએ રજી.એડી/સ્પીડપોસ્ટથી પહોંચતા કરવાની છેલ્લી તારીખ ૨૫/૦૯/૨૦૨૪,૧૮:૦૦ કલાક સુધી રહેશે.

ઉપર મુજબ ટેન્ડરની વિગતો અને શરતો અમોને બંધનકર્તા છે. અમો આ કામ સંતોષ પુર્ણ રીતે પુરૂ કરી આપવા બંધાઈએ છીએ. તે બદલ અમોએ વાંચી વિચારીને નીચે સહી કરી આપેલ છે.

(કોન્ટ્રાક્ટરની સહિ/સિક્કો)

કોન્ટ્રાકટરનું નામ:-

સરનામું:-

ટેલીફોનનં./મો.નં.:-

રોકડામાં ભરી હોય તો તે ડિપોઝીટ ભર્યા અંગેની પહોંચ નંબર ...................... તા.........................

એફ.ડી.આર.નં………………………………….રકમરૂ.......................બેંક

વિગત.............................................................................

# પરિશિષ્ટ-૧

૧. પેકડ નમકીન
૨. દાબેલી, વડાપાવ, પફ, બર્ગર, હોટડોગ, પીઝા, સમોસા, કચોરી
૩. સેન્ડવીચ તથા તેને સમકક્ષ આઈટમો
૪. ફોતરા વગરના સીંગ-ચણા, સુકો મેવો જેવો સુકો નાસ્તો
૫. ઠંડા તથા ગરમ પીણા (ચા, કોફી, દૂધ વગેરે)
૬. આઈસ્ક્રીમ, કેન્ડી
૭. ચોકોલેટ
૮. પીપરમેન્ટ
૯. બિસ્કીટ, ખારી, ટોસ્ટ, કેક વગેરે જેવી બેકરી આઈટમો
૧૦. કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા મંજુર કરે તે ખાદ્ય પદાર્થો

**ખાસ નોંધ:**

**માત્ર સંપૂર્ણ શુધ્ધ શકાહારી ખાદ્ય પદાર્થોનું જ વેચાણ કરી શકાશે. ઉપરોક્ત ખાદ્ય પદાર્થો બહારથી તૈયાર કરીને જ લાવવાના રહેશે સંકુલમાં બનાવવાના નથી તેમજ ચા-કોફી જેવા ગરમ પીણા ઈલેક્ટ્રિક ઉપકરણથી જ બનાવવાના રહેશે. ઉપર સિવાયના અન્ય નવીન પ્રકારના ખાદ્ય પદાર્થોનું વેચાણ કરવું હોય તો પ્રથમ કમિશ્નરશ્રી,ભાવનગર મહાનગરપાલિકાની મંજુરી લેવાની રહેશે.**

## ભાવનગર મહાનગરપાલિકા
### એસ્ટેટ વિભાગ

# ભાવપત્રક

**કામનું નામ :-** ભાવનગર મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ હસ્તકના શ્રી ઝવેરચંદ મેઘાણી ઓડીટોરિયમ સંકુલ ની અંદર પેન્ટ્રી પાસે ૦૩ વર્ષ માટે લાઈસન્સ ફી વસુલીને કેન્ટીન ચલાવવા માટેનું કામ.

| ક્રમ નં. | સ્થળનું નામ | વેચાણ કરવા માંગતા હોવ તે ખાદ્યવસ્તુઓની અંદાજીત ટૂંકી વિગત | માસિક બેઝીક પ્રાઈઝ (અપસેટ પ્રાઈઝ) | માસિક લાયસન્સ ફી ની રકમ (.રૂ) (GST વગર ) આંકડામાં | માસિક લાયસન્સ ફી ની રકમ (.રૂ) (GST વગર ) શબ્દોમાં |
|---|---|---|---|---|---|
| ૧ | કેન્ટીન (15*10 ફૂટ કાર્પેટ એરિયા) | | RS.25,000/- | | |

અમો/હું નીચે સહી કરનાર ........................................................................................ ઠેકાણું ................................. ઉપર............................................આ ટેન્ડર મંજુર થયેથી જણાવેલ શરતો પૂરે પૂરી વાંચી સમજી અને તે પ્રમાણે વર્તવાની ખાત્રી આપીએ છીએ. આપવામાં આવનારો પરવાનો ૩ (ત્રણ) વર્ષની મુદત માટે ભાવનગર મહાનગરપાલિકા દ્વારા અમારા ભરેલ ભાવ મંજુર થયેથી તે મુજબની પ્રતિ વર્ષની રકમ તથા ટેન્ડર શરતો મુજબ કામ કરવા અમોને બંધનકર્તા રહેશે.

તારીખ:- / /૨૦૨૪

કોન્ટ્રાકટર/એજન્સીનું નામ:-.............................................................................................................

સરનામું:-

.....................................................................................................................................

ફોન નં./મો.નં.................................... ........

.............................................................

ટેન્ડર ભરનારની સહી:-